# પાલનપુરમાં રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા હેડ કોન્સ્ટેબલ પચ્ચીસ લાખની ખંડણી માંગતા ફરિયાદ

## મારી સાથે શારીરિક સંબંધ બાંધ, નહીંતર ફોટા વાયરલ કરી નાંખીશની ધમકીથી ચકચાર

પાલનપુર, તા. ૧૨

મૂળ પાલનપુરના અને હાલમાં ભુજ ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ મુકેશ દરજી વિરુદ્ધ ચડોતરની યુવતીએ શારીરિક સંબંધ બાંધ, નહીંતર ફોટા વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી બ્લેકમેલ કરી ૨૫ લાખ ખંડણી માંગતા હેડ કોન્સ્ટેબલ વિવાદોમાં સપડાયા છે. સમગ્ર મામલે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.



વર્ષ ૨૦૧૮માં પોલીસ વિભાગમાં ઉતકૃષ્ટ કામગીરી કરી રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર પાલનપુર પોલીસના હેડ કોન્સ્ટેબલ મુકેશ દરજીએ ચડોતર ગામની એક ૨૬ વર્ષીય યુવતીને તેના ઘરે આવતા એક બિલ્ડર સાથે તેને મિત્રતા હતી. આ દરમિયાન અનેક સામાજિક પ્રસંગોએ યુવતી અને બિલ્ડર સાથે તેની તસવીરો મોબાલઈમાં હતી. દરમિયાન યુવતી પોલીસની પરીક્ષાની તૈયારી કરતી હોવાથી પાલપુર પોલીસ ગ્રાઉન્ડ પર દોડવા જતી હતી જ્યાં મુકેશ દરજી સાથે મુલાકાત થઈ હતી.

મુકેશ દરજી સાથે ઓળખાણ મિત્રતામાં કેળવાતા ફરિયાદી યુવતીએ તેની સાથે પણ કેટલીક તસીવરો ખેંચાવી હતી. દરમિયાન એક દિવસે મુકેશે યુવતી દોડની પ્રેક્ટિસમાં હતી એ વખતે તેના મોબાઈલમાં રહેલી બિલ્ડર સાથેની તસવીરો ઝેન્ડરથી ટ્રાન્સફર કરી લીધી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ યુવતીને મુકેશ દરજી અવારનવાર ધમકાવતો હતો અને 'જો તું મારી સાથે હોટલમાં આવી શારીરિક સંબંધ નહીં રાખે તો તારી તસવીરો વાયરલ કરી દઈશ. તારી જ્યાં સગાઈ થશે ત્યાં પણ આ તસવીરો સેન્ડ કરીશ અને તારાં સગા વ્હાલાને પણ તસવીરો બતાવી દઈશ' ફરિયાદીએ જણાવ્યું કે મુકેશ દરજીએ તેના જે વ્યક્તિ સાથેના ફોટોગ્રાફ્સ હતા તેને ફોન કરી અને ૨૫ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી બાકી તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. ઉપરાંત આ માંગણીમાં સેટલમેન્ટ કરી અને છેલ્લે ૫ લાખ રૂપિયા લેવાનું નક્કી કર્યુ હતું.

### ● પાલનપુરથી ભુજ બદલી થઈ હતી

મુકેશ દરજી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ત્રણ માસ અગાઉ પાલનપુરના ૩ પોલીસ કર્મીઓની ભુજ બદલી કરી દેવાઈ હતી. જોકે, વર્ષ ૨૦૧૮માં ઉતકૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક પણ મળ્યો હતો.

### ● પૂર્વ પોલીસે કોર્ટમાં રજુ કરી ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા

મામલાની ફરિયાદ નોંધાતા જ પોલીસ હેડ કોન્સ્ટેબલ મુકેશ અટકાયત કરી તેને પાલનપુરની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં રિમાન્ડ માટે પૂર્વ પોલીસ આવી હતી અને ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી જેમાં ૫ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા.

### ● મુકેશ દરજીને મળવા કોર્ટ સંકુલમાં પોલીસકર્મીઓની ભીડ ઉમટી

ફરિયાદ બાદ પોલીસ બેડામાં સોપો પડી ગયો હતો. એવોર્ડ વીનિંગ એક્ટિવ પોલીસ કર્મી સામે ખંડણી જેવા ગંભીર ગુન્હાની ફરિયાદ કોર્ટ સંકુલમાં ચર્ચાસ્પદ બની હતી. હાલચાલ જાણવા કોર્ટ સંકુલ પહુચેલા મિત્ર વૃંદએ જણાવ્યું હતું કે ખોટી ફરિયાદ છે. ફસાવવામાં આવ્યો છે.

### ● મુકેશ દરજી એસપીઓના નિકટના બની જતા

બનાસકાંઠાના જુદા જુદા પોલીસ મથકોમાં ડીસ્ટાફ સહિત અનેક જગ્યાએ ફરજ બજાવી ચૂકેલા મુકેશ દરજી જિલ્લા ટ્રાફિક, હેડક્વાર્ટર અને એલઆઈબી શાખામાં ફરજ બજાવી ભુજ રેન્જમાં લોકલ સોર્ષ આધારિત ગુન્હાઓ ડિટેકટ કરવાની કામગીરી કરી રહ્યા હતા. અગાઉ નોકરી કરી ગયેલા એસપીઓ સાથે સારો ઘરોબો હોવા છતાં ફરિયાદથી ચકચાર મચી છે.



## ડીસા તેમજ માલગઢ ખાતે મારવાડી માળી સમાજના ગેર નૃત્યનું આકર્ષણ

રાજસ્થાનથી આવેલા મારવાડી માળીસમાજના મોટાભાગના લોકો ડીસા સહિત આસપાસના ગામોમાં વસવાટ કરે છે. મુખ્યત્વે ખેતી સાથે જોડાયેલ આ મારવાડી માળી સમાજ દ્વારા પરંપરાગત રીતે હોળી ધુળેટીની અનોખી ઉજવણી કરવામાં આવે છે જેમાં હોળીકાદહન કર્યા બાદ બીજા દિવસે ધુળેટીના સાંજના સુમારે ડીસાના ગોરધનજી ગીગાજી સંકુલ કાંટ અને માલગઢ ભૈરવધામ ખાતે પરંપરાગત ગેર નૃત્યનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહિલાઓ દ્વારા લુર ગીત ગાવવામાં આવે છે જ્યારે ભાઈઓ લાકડીઓ વડે ગેર નૃત્ય કરી પરંપરાગત રીતે ઉજવણી કરતા અનેરો નજારો સર્જાયો હતો.



## વડગામ તાલુકાના મેપડા ગામના નવાપરા વિસ્તારમાં રોડ તોડી દેવાતા માર્ગ મકાન સહીત ઉચ્ચ કક્ષાએ રજૂઆત

ગામના કેટલાક લોકોએ રોડ તોડી દીધો હોવાની ગામના જ અરજદાર દ્વારા રજૂઆત વડગામ, વડગામ તાલુકાના મેપડા ગામમાં નવાપરા વિસ્તારમાં આવેલો રોડ ગામના જ કેટલાક લોકો દ્વારા તોડી દેવાયો હોવાના આક્ષેપ કરીને ગામના જ એક અરજદાર દ્વારા વડગામ મામલતદાર, ટીડીઓ તેમજ કલેકટર સુધી રજૂઆત કરવામાં આવી છે. મેપડા ગામના નવાપરા વિસ્તારમાં આવેલ રોડને કોઈ પરવાનગી લીધા વગર ગામના જ કેટલાક લોકો દ્વારા તોડીને સરકારી મિલકતને ભારે નુક્સાન કરાયું હોવાનું ગામના જ અરજદાર રમેશભાઈ પરમાર દ્વારા લેખિતમાં વડગામ મામલતદાર, ટીડીઓ, નાયબ કાર્યપાલક ઈજનેર પંચાયત માર્ગ મકાન પેટા વિભાગ વડગામ સહીત કલેકટર સુધી રજૂઆત કરવામાં આવી છે.

## રંગ - ઉમંગ

● ચોથા પાનાનું ચાલુ

અંતે વાલી અને તેમના તરુણ બાળકો સાથે તેમને ઘર્ષણ થતું હોય છે. તેઓ વાલીની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે પોતાના ખર્ચ કરતા હોય છે. આમ છતાં સામાન્ય ઘરના તરુણોને શ્રીમંત ઘરના તરુણો તેમના શોખ પૂર્ણ કરવા મિત્રના નાતે સદાય મદદ કરતા હોય છે.જેનો જશ લેવાનું તેઓને પસંદ નથી. ટૂંકમાં તરુણો મિત્રો સાથે સાચી મિત્રતા બાંધવાનું, તેને ટકાવી રાખવાનું પસંદ કરતા હોય છે, માટે જ આજે પણ મોટાભાગના વડીલોને તેમના કૉલેજ કાળના મિત્રો સાથે અનન્ય સંબધ સચવાયેલો જોવા અને જાણવા મળે છે. તરુણો હતાશામાંથી ઝડપથી બહાર આવવાનું ઈચ્છતા હોય છે, આ માટે તેઓ એમ માનતા હોય છે કે તેના શિક્ષક, વાલી કે મિત્રો તેને સામા પગલે મદદ કરે.

## ઉમેદવાર જાહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખરે મોડી સાંજે ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા હતા. રાજયસભાની ચૂંટણી માટે તા.૬ માર્ચથી ૧૩ માર્ચ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકવાનો સમયાગાળો નિયત કરાયો છે. જ્યારે તા.૧૬ માર્ચે ફોર્મની ચકાસણી થશે અને તા.૧૮ માર્ચ સુધીમાં ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી શકાશે. ત્યારબાદ તા.૨૬ માર્ચે સવારના ૯-૦૦ વાગ્યાથી ૪-૦૦ વાગ્યા સુધી રાજયસભાની ચાર બેઠકો માટેનું મતદાન યોજાશે.

# ડીસામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં ધરખમ ઘટાડો

## છેલ્લા બે દિવસમાં તાપમાન ૪ ડીગ્રી ઘટતા ઠંડીનો અહેસાસ

ડીસા, તા. ૧૨

સમગ્ર રાજયમાં નલિયા બાદ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સૌથી વધુ ઠંડી પડે છે, રેકોર્ડ બ્રેક ઠંડી અને ગરમીમાં ડીસા મોખરે રહ્યું છે જો કે હોળી બાદ આમ તો ઉનાળો શરૂ થઈ જતો હોય છે પરંતુ ડીસા સહિત સમગ્ર રાજયમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી વરસાદી વાતાવરણ વચ્ચે ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધતા ઉનાળાના આરંભે જ શિયાળાનો અહેસાસ થઈ રહ્યો છે. જેના કારણે વાઈરલ બીમારીઓ જેવી કે શરદી ખાંસી અને તાવના રોગીઓથી હોસ્પિટલો ઉભરાઈ રહી છે જો કે બુધવારે વાદળછાયા વાતાવરણના પગલે ડીસામાં તાપમાનનો પારો ૧૭.૬ હતો જે ગુરુવારે ૪ ડીગ્રી ઘટી ૧૩.૫ થઈ જતા ઉનાળામાં શિયાળાનો અહેસાસ થયો હતો જેથી ઠંડીમાં



પણ વધારો થવા પામ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલ અપર એર સાયકલોનીક સર્ક્યુલેશનના કારણે ઉત્તર ગુજરાતમાં બે દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની પણ આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જો કે હજુ બે દિવસ આવુ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આ બાબતે હવામાન વિભાગ દ્વારા જણાવાયું હતું કે દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલ અપર એર સાયકલોનીકના કારણે આગામી બે દિવસ સુધી વાદળો છવાયેલા રહેશે અને તાપમાનમાં પણ બે થી ત્રણ ડીગ્રી જેટલો ઘટાડો થવાની પણ સંપૂર્ણ શકયતા રહેલી છે. ડીસામાં છેલ્લા એકાદ અઠવાડિયાથી વરસાદી વાતાવરણ વચ્ચે ઠંડીનો સામાન્ય ચમકારો જોવા મળી રહ્યો છે તેમાંય બુધવારે એકા એક વાદળછાયા વાતાવરણ થઈ જતા ઠંડા પવનો ફૂંકાવા લાગ્યા હતા તેથી લોકો ફરીથી ગરમ કપડાં પહેરી બહાર નીકળતા જોવા મળ્યા હતા અને મોડી સાંજે લોકોએ તાપણું કરી ઠંડીથી રાહત મેળવી હતી.

# મોડાસા ૯ વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનાર આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયો

## ફાંસીની સજા કરવાની પરિવારજનોની માંગ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં મામાના ઘરે આવેલા નરાધમ યુવકે પાડોશમાં રહેતી ૯ વર્ષની બાળા પર દુષ્કર્મ આચરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં કમલેશ નાનાભાઈ અસારી નામના યુવક સામે ફરિયાદ નોંધાતા રૂરલ પોલીસ સ્ટેશનના ડીવાયએસપી ઈશ્વર પરમાર અને તેમની ટીમે ગણતરીના કલાકમાં દુષ્કર્મી આરોપીને મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં સંબંધીના ઘરેથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધુળેટીના પર્વના દિવસે મેઘરજના ભુવાલ ગામનો ૨૧ વર્ષીય કમલેશ નાનાભાઈ અસારી નામના નરાધમ યુવકે મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા તેના મામાના ઘરે તહેવાર નિમિત્તે આવ્યો હતો. નરાધમ યુવકને મનમાં વાસનાનો કીડો સળવળતા પાડોશમાં રહેતી ૯ વર્ષની બાળકીને ઊંચી કરી નજીકમાં રહેલા પશુઓના પાણી પીવડાવવાના ખાલી હવાડામાં લઈ જઈ ડરાવી ધમકાવી દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી હતી. યુવકના કાળા કરતૂતનો પર્દાફાશ થાય તે પહેલા યુવક ફરાર થઈ જતા ૯ વર્ષની બાળકીએ તેની સાથે બનેલ ઘટનાની જાણ તેની માતાને કરતા દુષ્કર્મનો ભોગ બનેલ ૯ વર્ષની બાળકીની



માતાએ મોડાસા રૂરલ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે કમલેશભાઈ નાનાભાઈ અસારી નામના યુવક વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા વિવિધ ટીમ બનાવી ચક્રો ગતિમાન કર્યા હતા.


મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.ડીવાય એસપી આઈ.એન. પરમારે દુષ્કર્મી આરોપીને ઝડપી પાડવા વિવિધ ટિમો બનાવી તપાસ હાથ ધરી આરોપી યુવક કમલેશ નિનામા મોડાસાના સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં તેના સંબંધીના ઘરે હોવાની માહિતી મળતા તાબડતોડ પહોંચી નરાધમ યુવક કમલેશ નિનામાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનેરા તાલુકાના લવારા ગામે વીજ વાયર તુટતા આગ લાગી

## આ આગમાં એક ભેંસનું મોત નિપજ્યું તો અન્ય ત્રણ ભેંસોને ઈજા થવા પામી

ધાનેરા, તા. ૧૨

વધુ પડતા પવનને લઈ ધાનેરા તાલુકાના લવારા ડુગાવા ફીડરની વીજલાઈન તૂટી પડતાં આગ લાગી હતી અને આ આગમાં એક ભેંસનું મોત નીપજયું હતું તો અન્ય ત્રણ



ભેંસોને ગંભીર ઈજા થવા પામી છે અને પવનને લઈ જોતજોતામાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ આગને લઈ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા તો બીજી તરફ લોકોએ આગ બુજાવાનું પણ પ્રયાસ કર્યો હતો તે લોકોની મહેનત બાદ આગ પર કાબુ મેળવાયો હતો સમગ્ર ઘટનાને લઈ સ્થાનિક રાજકીય આગેવાનો સહિત ગામના સરપંચ પણ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અત્યારે તો આ આગના કારણે લવારા ગામે રહેતા મફાભાઈ ભલાભાઈ ખેતરમાં એક ભેંસનું મોત નીપજયું અને અન્ય ત્રણ ભેંસોને ઈજા થતાં તેમજ ઘાસચારો બળી જતા આ ખેડૂતને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

## કોહરામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૯ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે ઘટાડાનો દોર યથાવત રીતે જરી રહ્યો છે. એક વખતે સેન્સેક્સમાં ૩૨૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. માર્કેટ ટ્રેસ થવાની અસર તમામ ઉપર થઈ હતી. સોમવારના દિવસે સેંસેક્સમાં તેના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. સેંસેક્સના ઈતિહાસમાં સૌથી મોટો ઘટાડો નોંધાવવા માટે વિવિધ પરિબળો જવબાદાર દેખાયા હતા. કોરોના વાયરસના ફેલાવવાને લઈને વધી રહેલી દહેશત તથા ક્રૂડ ઓઈલની કિંમતમાં રેકોર્ડ ઘટાડાના પરિણામ સ્વરુપે શેરબજાર સોમવારના દિવસે પણ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. સોમવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૯૪૨ પોઈન્ટ ઘટીને ૩૫૬૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારમાં પણ આજે ગુરૂવારના દિવસે ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. કોરોના વાયરસનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે તેની અસર પણ જોવા મળી હતી. સેંસેક્સ ગયા શુક્રવારના દિવસે ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી. કોરોના વાયરસની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે જેથી કારોબારીઓ ભારે દહેશતમાં છે. શેરબજારમાં હાલમાં કોરોના વાયરસની અસર સીધી રીતે જોવા મળી રહી છે. જેના લીધે મુડીરોકાણકારો જંગી નાણાં રોકવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. સ્થિતિમાં સુધારો થાય તેની રાહ જોવાઈ રહી છે. તે પહેલાના શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો. એ દિવસે સેંસેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતા. વિદેશી રોકાણકારો હાલમાં વેચવાલીના મુડમાં દેખાઈ રહ્યા છે. આજે સવારના કારોબારમાં તાતા સ્ટીલ, ઓએનજીસી, ટાઈટન તેમજ અન્ય શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો. કોરોના વાયરસને સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવ્યા બાદ તમામ દેશો પોતાની રીતે આગળ વધી રહ્યા છે. બેન્ચમાર્ક ડાઉ જોન્સમાં ૧૪૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો છે. જેની અસર વચ્ચે એશિયન બજારમાં પણ જોરદાર નિરાશા રહી હતી. આજે બીએસઈમાં કારોબાર દરમિયાન ૨૨૪૩ શેરમાં મંદી રહી હતી. જ્યારે માત્ર ૨૨૪ શેર તેજીમાં રહ્યા હતા. ૧૦૬ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રેન્ટ ક્રુડની કિંમતમાં ૫.૭૬ ટકાનો ઘટડો બોલાયો હતો.

દલાલ સ્ટ્રીમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો જવાબદાર દેખાયા ન હતા. કારોબારીઓના કહેવા મુજબ વિદેશી ફંડ પ્રવાહમાં વેચવાલી જોવા મળી રહી છે. આંકડા દર્શાવે છે કે નેટ આધાર ઉપર વિદેશી રોકાણકારોએ બુધવારના દિવસે ૩૫૧૫.૩૮ કરોડની કિંમતના ઈક્વિટીનું વેચાણ કર્યુ હતું.

## અલિપ્ત રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાને અલગ કરી લેવાનો નિર્ણય કર્યો છે. હેતુ મેનટુ મેન કોન્ટ્રાક્ટના કારણે ફેલાઈ રહેલા વાયરસને કાબુમાં લેવાનો રહેલો છે. ભારત સરકારના નિર્ણય બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાયરસને મહામારી તરીકે જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. ભારતીય મુળના લોકો પણ જો પરત ફરી રહ્યા છે તો ૧૪ દિવસ માટે અલગ રીતે રહેવાની જરૂર પડશે. નિર્ણય પર અમલીકરણ શરૂ થતાની સાથે જ ૧૫મી એપ્રિલ સુધી ભારત દુનિયાના દેશોથી અલગ જશે. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બુધવારના દિવસે બે બેઠકો થઈ હતી. તેનુ નેતૃત્વ કેન્દ્રિય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યુ હતુ. ભારત સરકારે હવે દુનિયાના કોઈ પણ દેશથી આવનાર લોકોના વીઝા ૧૫મી એપ્રિલ સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. ભારતમાં એકપછી એક નિર્ણય કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના હજુ સુધી ૬૦ કેસો નોંધાયા છે. કોરોના વાયરસના કારણે વિશ્વના પ્રભાવિત દેશોની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. હાલમાં કુલ ૧૨૪ દેશો કોરોનાના સકંજામાં આવી ગયા છે. એકલા ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૦૭૯૬ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં કુલ મોતનો આંકડો ૩૧૬૯ પર પહોંચી ગયો છે. ચીનમાં ગંભીર રહેલા કેસોની સંખ્યા ૪૨૫૭ ઉપર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બીજી બાજુ દુનિયાના દેશોમાં કોરોના વાયરસના કુલ કેસ ૧૨૬૩૬૯ ઉપર પહોંચી ગઈ છે. હાલ સ્થિતી સુધરવાના સંકેત નથી. બુધવારે મોડી સાંજે હર્ષવર્ધનના નેતૃત્વમાં કોરોના વાયરસની સમીક્ષાને લઈને બેઠક યોજાઈ હતી જેમાં ભારત અને બાકી દુનિયાના દેશોમાં કોરોના વાયરસને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આમા નિર્ણય લેવાયો હતો કે, મોટી વસ્તીને બચાવી લેવા માટે ભારત પોતાને દુનિયાથી અલગ કરશે. તમામ નિર્ણય ૧૩મી માર્ચ એટલે કે તાત્કાલિક ધોરણે લાગૂ કરી દેવાયા છે.

## રજનીકાંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. તેમણે ડીએમકે અને એઆઈએડીએમકેનો ઉલ્લેખ કરીને કહ્યું કે લોકો બદલાવ માંગે છે. રજનીકાંતે કહ્યું કે તેઓ પોતાની પાર્ટીમાં યુવાનો અને ભણેલા-ગણેલા લોકોને તક આપી તામિલનાડુમાં નવી લીડરશીપ તૈયાર કરવા માંગે છે. તેના માટે તેમણે એ નિર્ણય લીધો છે કે તેઓ પોતે સીએમ કેન્ડિડેટ બનશે નહીં.

રજનીકાંતના ડ્યુઅલ પ્લાનના મતે પાર્ટીમાં બે સેક્શન હશે. એક સેકશન પાર્ટીને જોશે અને બીજું સરકારના કામકાજને જોશે. રજનીકાંતના મતે અમે એ નક્કી કર્યુ છે કે પાર્ટી સરકાર પર હાવી થશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ભણેલા-ગણેલા અને સારા ટ્રેક રેકોર્ડવાળા લોકોને પોતાની પાર્ટીમાં ચૂંટણી લડવાની તક આપશે.

થલૈવાના નામથી પ્રખ્યાત રજનીકાંતે કહ્યું કે અમે અમારી મીટિંગમાં નક્કી કર્યુ છે કે જે પાર્ટીના નેતા હશે તેઓ સરકારમાં સામેલ થશે નહીં. જે મુખ્યમંત્રી બનશે તે પાર્ટીના મુખ્યિયા હશે નહીં. હું પાર્ટીનો નેતા રહીશ અને કોઈ બીજો વ્યક્તિ સીએમ ઉમેદવાર હશે. તે વ્યક્તિ રાજ્યમાંથી હશે, ભણેલો હશે અને તેમાં રાજયને લઈ એક વિઝન હશે.

## ખાલી પ્લોટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે વર્ષ પૂર્વે સરકારી પ્લોટોની હરાજી માટે ઈ. હરાજી યોજી હતી અને તેમાંથી સરકારે ૧૦૦ કરોડથી પણ વધુની કમાણી કરી હતી. જોકે સરકારે આજે ખાલી પ્લોટને લઈ પહેલીવાર એકકાર કર્યો છે કે સરકાર પાસે હવે ગાંધીનગરમાં જમીન ઉપલબ્ધ નથી.

જો કે બીજી તરફ એક એવી વાત પણ વહેતી થઈ છે કે ગાંધીનગર શહેરના સેકટરોના રિડેવલપમેન્ટ પ્લાનમાં જુના અને જર્જરીત મકાનો હટાવી સરકાર હવે બહુમાળી મકાનો સાથે વધુ ખાલી જગ્યા પર કબ્જો મેળવવા માટે પ્રયત્નશીલ છે. ગાંધીનગર શહેરનો વિકાસ પણ સ્થગિતતા અનુભવી રહ્યો છે.

## વધુ લાભાર્થી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી પણ તે હજુ લોકોમાં લોકપ્રિય નથી બની રહી.

આરોગ્યતંત્રએ હવે 'મા' કાર્ડને સીધા જ પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડમાં ટ્રાન્સફર કરવાનો નિર્ણય લઈ અને યોજનાને લોકપ્રિય બનાવવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

આ યોજનાઓ અંતર્ગત જિલ્લામાં લોકોને કરોડો રૂ.ની સારવાર ઉપલબ્ધ થઈ છે. ૨૦થી પણ વધુ હોસ્પિટલોમાં દર્દીઓએ લાભ લીધો હોવાનું પણ બહાર આવ્યુ છે.

## કરાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ બાળકોને અને તેમને તૈયાર કરનાર શિક્ષકોને ૬૦ હજારથી વધારે રકમ તથા એવોર્ડ આપી વાહ સંસ્થાના પાંચમાં ઈન્ક્રેડિબલ જુનિયર સાયન્ટિસ્ટ એવોર્ડ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. વાહ સંસ્થા અને વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર વચ્ચે એક એમઓયુ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં દર મહિનાના બીજા શનિવારે વાહ સંસ્થા દ્વારા સાંજે ૪.૩૦ વાગે વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં વિજ્ઞાનમાં રસ પડે તેવી વ્યક્તિઓ માટે દિનેશ ઓ શાહ વ્યાખ્યાનમાળા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.